# દાન

કમલા ફાઉંડેશન સમાચારપત્ર

સપ્ટેમ્બર ૨૦૧૧

## સ્વાગત

૨૦૧૦ના વર્ષમાં એ કેહતા મને ગર્વ થાય છે કે અમે અમારા મૂળ મુલ્યોને વળગી રહીને નોંધપાત્ર પ્રગતિ કરી છે સાથે સ્વયંસેવકોએ દાન કરતા, વિકાસ કાર્યોને આગળ વધાર્યા છે.

અમે અમારા મુખ્ય પ્રયાસોને વળગી રહીને તેમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, જેમકે

૧. અમે અમારા ફાઉંડેશન તરફથી ૫મો બોર બનાવ્યો જે ૪,૮૦૦ ગ્રામ્યવાસીયોના જીવનને બદલી નાખશે.

૨. એક ગરીબ વિધવાના ઘર માટે ભંડોળ ભેગું કર્યું.

૩. ૩૦ બાળકોને શ્રમ બઝારમાં પ્રવેશ કરતા અટકાવીને તેના માટે પ્રાયોજકો સુરક્ષિત કર્યા. જેથી કરીને બાળકો શિક્ષણ મેળવી શકે.

૪. લંડન પ્રજાપતિ ફાઉંડેશન સાથે વ્યુહાત્મક ભાગીદારી સુરક્ષિત કરી.

૫. ગુજરાતમાં અમારું પહેલું કાર્ય ચાલુ કર્યું અને ૪૦ વિધવાઓએ નેત્ર ચિકિત્સા યજ્ઞ દ્વારા ઓપરેશન કરાવ્યું.

ઉપરોકત કાર્યો સિવાય અમે સતત અમારી કાર્ય ક્ષમતા વધારીએ છીએ. આ અસરને આગળ પહોચડવા માટે ગયા વર્ષે અમે નવા ઉત્પાદનો રજુ કર્યા છે જેમાં ક્ષણ થેલીનો સમાવેશ થાય છે જે કમલા ફાઉંડેશન નો ચિન્હ પ્રદર્શિત કરે છે. આ થેલીની પસંદગી કરીને અમે ભારતમાં પ્લાસ્ટીકની થેલીનો વપરાશ ઘટાડવામાં મદદ કરી હતી અને અમારા ગ્રામીણ ભારતને સમર્પિત કાર્યક્રમોમાં ફાળો આપ્યો હતો. આ બધી થેલીઓ નૈતિક માર્ગદર્શિકા હેઠળ ઉત્પાદિત કરવામાં આવી હતી અને તેના દ્વારા અમે ૧,૩૪૦ પાઉન્ડની રકમ એકત્રિત કરી હતી.

આગળ જોતા, ભારતમાં કમલા ફાઉંડેશનની અસર જોવા મળી છે અને અમે (અમારા સાથી ફોર્ડ ટ્રસ્ટ સાથે) સંયુક્ત રીતે મુખ્ય ભૂમિકા ભજવવા માટે દક્ષીણ ભારતમાં એક અગ્રણી યુનિવરસીટી સાથે મળીને શૈક્ષણિક કાર્યોમાં આગવી ભૂમિકા ભજવી રહ્યા છીએ જેથી કરીને મહિલા જૂથોનો વિકાસ થાય.

અમારી ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાને બહુજ સમર્થન મળ્યું છે અને ઘણા લોકોએ તેમના વહાલાજનોની યાદમાં કુવાઓ દાન કર્યા છે. અમને સિંગાપોર જેવી દૂર દૂર જગ્યાઓથી તેમના સગા વહાલા પાછળ બોર બનાવા માટેની અરજીઓ આવી છે. કોઈને શ્રધાંજલિ આપવા માટે કુવાનો દાન કરવાથી વધારે પુણ્ય બીજું કશું નથી અને આ દાન કુટુંબીજનો /મીત્રજનો માટે બહુ હકારાત્મક છે સાથે આ કાર્ય દ્વારા તમે અમારા ફાઉંડેશનને નિર્ણાયક મદદ પણ કરો છો.

છેલ્લા ૪ વર્ષની પ્રગતિ પર પ્રકાશ ફેંકતા એવું જોવા મળે છે કે અમારી સફળતાએ અમારા સિદ્ધાંત – વિચાર બદલો – જીવન બદલોને રજુ કરે છે કારણકે ટૂંકમાં તે અમે શું હાંસિલ કરવા પ્રયત્નો કરીએ છીએ તે બતાવે છે. તેના પરિણામ તરીકે, અમારું ફાઉંડેશન મજબૂતીથી આગળ વધી રહ્યું છે અને તમામ સખાવતોના કામો જે અમારા સાથે સંકળાયેલા લોકો દ્વારા થાય છે તેમના માટે અમે ઉત્પ્રેરક બનીએ છીએ અને જરૂરી લોકોને મદદ કરીએ છીએ.

અંતે હું મારા તમામ બોર્ડ ઓફ ટ્રસ્ટને, અમારા ભારતમાં ભાગીદાર – ફોર્ડ ટ્રસ્ટને, અમારા અદભુત કાર્યકર્તાઓને, અમારા ઉદાર દાતાઓને અને અમારા સહભાગીઓને તેમના મેહનતી કાર્યો માટે ધન્યવાદ કેહવા માંગું છું જેમના કારણે આ ફાઉંડેશન આટલી આગળ વધી છે. અમે આશા કરીએ છીએકે આવીજ રીતે અમને વ્યક્તિગત અને સામુહિક સહાય મળતી રહેશે જેથી અમે અમારું ધ્યેય પામી શકીએ અને ભવિષ્યમાં આવીજ રીતે કાર્યરત રહીને હકારાત્મક પ્રભાવ પાડતા વધારે લોકોના જીવનમાં સુધારો લાવવા સમર્થ બનીએ.

ભુપેન્દ્ર


- સ્વાગત
- વિધવાને આધાર
- ગ્રામ્ય પાણી પુરવઠો
- પ્રાયોજક કાર્યક્રમો
- નેત્ર ચીકીત્શા યજ્ઞ
- સ્વયંસેવકના અનુભવો
- ભંડોળ ઉભું કરવાના લક્ષણો
- સહાયક બનો






# વિધવાઓને સહાયતા
## અરુલ મલાર વિધવા સ્ત્રીઓ માટે ઘરડા ઘર - તમિલનાડુ

### વિધવાઓની મૂંઝવણ

ભારત વિશ્વમાં વિધવા વસ્તી ધરાવતો સૌથી મોટો દેશ છે. ભારતમાં અંદાજીત ૪૦ લાખ વિધવા મહિલાઓ વશે છે, જે ભારતની મૂળ મહિલા વસ્તીનો ૧૦મો ભાગ છે. ભારતએ "પતિ વગરનાનું" ઘર બની ચુક્યું છે.



તેમના પતિના મૃત્યુના સમાચાર સાંભળીને, પત્નીઓ તુરંત પોતાની બંગડીઓ તોડી નાખે છે અને આભૂષણોનો ત્યાગ કરે છે સાથે સિંધૂરનો (લાલ પાવડર જે પત્નીઓ પોતાના માથા પર લગાવે છે જે તેમના વૈવાહિક સંબંધને દર્શાવે છે) ઉપયોગ પણ છોડી દેઈ છે.

ઘણી વિધવા મહિલાઓને તેમના કુટુંબીજનો ઘરમાંથી ફેકી દેઈ છે અથવા તેના સાસરી પક્ષવાળા તેને અપશુકનિયાળ મહિલા કે જેના કારણે તેનો પતિ મૃત્યુ પામ્યો છે તેમ સમજી તરછોડી મુકે છે. કમનસીબે, ભારતના ગ્રામીણ વસ્તીમાં એક માણસ વગરની મહિલાને કોઈ આદર આપતું નથી. તે મહિલાઓ એવી સંસ્કૃતિનો ભાગ છે કે જ્યાં ફક્ત માતા, દીકરી અને પત્નીનો જ આદર થાય છે.



### વિધવા સાર-સંભાળ ઘર

ધ ડેવલપમેન્ટ ફોર રૂરલ ઓપ્પરેસડ પીપલ'સ સર્વીસ સોસયટી - (DROPSS) એક ચેરીટી રજીસ્ટરડ વિધવા સાર-સંભાળ ઘર છે જેને પ્રખર અને પ્રતિબદ્ધ કાર્યકર્તાઓનો સહયોગ છે. તેઓએ ૧૯૯૯માં કાર્ય કરવાનું શરુ કર્યું છે અને તેઓ વિધવાઓ કે જે અન્યથા નિરાધાર થઇ જાઇ તેમના માટે ખોરાક, રહેઠાણ અને આરોગ્ય સંબંધી સેવાઓ પૂરી પાડે છે. કાર્યકર્તાઓ પૈસાના અભાવે ખુબ નાના સ્તર પર સેવાઓ પૂરી પાડે છે અને તેમને સરકારનો ખુબ ઓછો સહયોગ મળે છે. કાર્યકર્તાઓનો વધારે પડતો સમય ઘરને કોઈ પણ રીતે કાર્યરત રાખવા માટે દાન મેળવવામાં જાઇ છે.







### અમારી ભાગીદારી

તેમની તાત્કાલિત જરૂરિયાતોને પૂરી કરવા માટે, કમલા ફાઉંડેશને ભંડોળ એકત્ર કરવાનું શરુ કર્યું જેથી આગવી વિચારશક્તિ ધરાવતું આ વિધવા સાર-સંભાળ ઘર ચાલુ રહે. આ માટે અમને તાજેતરમાં ધ પ્રજાપતિ લંડન ફાઉંડેશન (PLF), કે જે ધર્માદા સંસ્થા ધ શ્રી પ્રજાપતિ એસોસીએશન – લંડનનો જમણો હાથ છે, તેના દ્વારા સહયોગ પ્રાપ્ત થયો. તેમનો હેતુ ગરીબીને દુર કરવાનો અને વિશ્વના જરૂરિયાતમંદ લોકોના જીવન સુધારવા અર્થે નાના કાર્યો કરવાનો છે જે આગળ ચાલતા મોટો ફરક પાડી શકે. તેમના દ્વારા મળેલું દાન અમને વિધવા સાર-સંભાળ ઘરને મજબુત બનાવી તેનું ભવિષ્ય સુધારવામાં મદદ કરશે.

વિચાર બદલો – જીવન બદલો તે સિદ્ધાંત કમલા ફાઉંડેશનના મૂળમાં છે અને અમે નિશ્ચિતપણે માનીએ છીએ કે આ વિધવા મહિલાઓ માટે અમે યોગ્ય વાતાવરણ પૂરું પાડી તેમના જીવનને સમૃદ્ધ અને સ્વતંત્ર કરી તેમનો અવાજ સમાજમાં સંભળાય અને વિધવાઓનો ઉધાર થાય તે માટે પ્રયાસ કરશું.

# ગ્રામ્ય પાણી પુરવઠો

## જરૂરિયાત



ભારતના ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં ફાઉંડેશન કાર્યરત છે ત્યાં પીવાનું સ્વચ્છ પાણી મળી રહે તે જરૂરી છે. જ્યાં વીજળી પુરવઠો પૂરતા પ્રમાણમાં નથી ત્યાં હેન્ડ પંપની જરૂરિયાત પડે છે. અત્યાર સુધીમાં ફાઉંડેશને ૫ બોર કુવાઓ સ્થાપિત કર્યા છે જેનો ફાયદો ૪૮૦૦ ગ્રામ્યવાસીઓને (જેમાં દલિત અને પછાત જાતિના લોકોનો સમાવેશ થાય છે) મળ્યા છે. પ્રથમ પાંચ કુવાઓ વાલ્પક લીમીટેડની (સ્ટ્રેટફર્ડ-ઉપઓન-એવોન સ્થાપિત પર્યાવરણ અને રિસાયકલિંગ પેઢીની) સહાયતાથી બંધાયા હતા. આ યોજના અમારા લક્ષ્ય સાથે સુસંગત હતી કે જે ગ્રામ્ય ગરીબી ઘટાડવા અને ગ્રામ્ય લોકોનું સ્વાસ્થ્ય સુધારવા ગતિશીલ છે.

## કેવી રીતે કામ કરે છે



આ ફાઉંડેશન ફોર્ડ ટ્રસ્ટ અને સ્થાનિક પંચાયત (ગ્રામ્ય સમિતિ) સાથે મળીને ભાગીદારીથી કામ કરે છે કે જે ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છ પીવાના પાણીના અભાવ શોધે છે. અમે પછી સુનિશ્ચિત કરેલા પ્રાધાન્ય વિસ્તારોમાં ચુસ્તપણે કામ કરીએ છીએ. એક વાર બોર માટે સ્થાન નક્કી કર્યા બાદ કોન્ટ્રેકટર અને તેની સર્વેક્ષણ ટુકડી જમીનની ઊંડાઈ, રૂપરેખા માપી પાણીનું કેટલું ઉત્પાદન થાશે તે નક્કી કરે છે. આ ટુકડી નિયુક્ત વિસ્તારમાં સામાન્ય જમીનમાંથી શ્રેષ્ઠ જમીનની પસંદગી કરે છે અને તમામ લોકો તેનો મહત્તમ વપરાશ કરીને તેનો લાભ મેળવે તેની ખાતરી કરે છે.

## કાયમી વિકાસ

ગ્રામ્ય પાણી પુરવઠા કાયમી વિકાસનો અસરકારક નમુનો રજુ કરે છે, ફાઉંડેશન અને તેના ભાગીદારો ગ્રામ્વાસીયો કે જેને સ્વચ્છ પાણીની જરૂર છે તેને શોધે છે. આ જૂથો પછી હેન્ડ પંપની માલિકી લઇ અને તેની જાણવણી કરે છે. ભાગીદારો ચાવીરૂપ તકનીકી કુશળતા પૂરી પાડે છે અને શ્રેષ્ટ જગ્યા, બાંધકામની દેખરેખ, પાણી પીવાલાયક છે કે નહિ તેનું પ્રમાણ આપે છે અને તેના સંબંધિત આધાર પૂરો પાડે છે.

સાથે સાથે, ફાઉંડેશન તાલીમ અંદાજપત્ર ફાળવે છે જેથી સમુદાયના સભ્યોને જાણ થાય કે પાણીના સ્તોત્રની જાણવણી કેવી રીતે કરવી, અને હેન્ડ પંપના લાભાર્થીયો માટે જાહેર આરોગ્ય અને સ્વચ્છતા ઝુંબેશ ચલાવે છે. જીલ્લામાંથી સાર-સંભાળ કામદારો બેઠકોમાં હાજરી આપે છે અને પાણીનો સલામત ઉપયોગ, હેન્ડ પંપની આજુબાજુ પાણીનો બગાડ ના થાય અને સ્વચ્છતા કેટલી મહત્વની છે તેના વિષે જાણકારી આપે છે. કાયમી વિકાસ ચાવીરૂપ છે અને અમે ભારપૂર્વક માનીએ છીએકે સમાજને તાલીમ આપતા કાર્યક્રમો તેમને કુવાનો લાંબા ગાળા સુધી અસરકારક રીતે વપરાશ કરતા શીખવશે.





## વારસા કુવાઓ

અમારી ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાને બહુજ સમર્થન મળ્યું છે અને ઘણા લોકોએ તેમના વહાલાજનોની યાદમાં કુવાઓ દાન કર્યા છે. અમને સિંગાપોર જેવી દૂર દૂર જગ્યાઓથી તેમના સગા વહાલા પાછળ બોર બનાવવા માટેની અરજીઓ આવી છે. કોઈને શ્રધાંજલિ આપવા માટે કુવાનો દાન કરવાથી વધારે પુણ્ય બીજું કશું નથી અને આ દાન કુટુંબીજનો /મીત્રજનો માટે બહુ હકારાત્મક છે સાથે આ કાર્ય દ્વારા તમે અમારા ફાઉંડેશનને નિર્ણાયક મદદ પણ કરો છો.

## ફાયદાઓ

૧. અત્યાર સુધીમાં ૪૮૦૦ ગ્રામ્વાસીયોએ બોર કુવાઓના સ્થાપનાનો ફાયદો ઉઠાવ્યો છે.

૨. જેમાંના ૯૦ ટકા લોકો અનુસુચિત જાતી જનજાતિના હતા.

૩. આ યોજનાથી લાભાર્થીયોને તેમના ઘર આંગણે સારુ અને સ્વચ્છ પીવાનું પાણી મળે છે.

૪. ખુલ્લા કુવાઓ અને નદીઓમાંથી વૈતરૂં કરીને પાણી લાવવામાં ઘટાડો થયો છે.

૫. ગ્રામ્ય મહિલાઓનું માનવું છે કે અગાઉ તેમને તેમના પરિવારજનો માટે દરરોજ પાણી લાવવા માટે અડધો કલાકનો સમય વેડફાતો હતો.

૬. આ મળેલ વધારે સમયનો ઉપયોગ તે બાળકોની સારવાર અને શ્રમ મજદુરીમાં વાપરે છે.

૭. લાભાર્થી માને છે કે એકવાર પાણીનો પંપ કાર્યરત થયા પછી પાણી સંબંધીત રોગોમાં નાટ્યાત્મક રીતે ઘટાડો થયો છે.

૮. સાદી ટેકનીકનો અર્થએ થાય કે પંપ સરળતાથી સંચાલિત થઈ શકે અને સ્થાનિક ગ્રામ્વાસીયો દ્વારા તેની જાણવણી થઈ શકે.

# પ્રાયોજક કાર્યક્રમો

અમને કરેલી સહાય માટે તમારો આભાર.

આ ફાઉંડેશને ગ્રામ્ય વિસ્તારોમાં સહાયતા કરવા હેતુસર ૩૦ બાળકો કે જે તમિલનાડુના ગ્રામ્ય વિસ્તારોમાં બહુ ભારે ગરીબીમાં (કેટલાક અનાથ તો કોઈ વિધવા અથવા માતા-પિતા દ્વારા તરછોડી મુકેલા) પરંતુ સહાય મેળવવા માટે ખુબ હક્કદાર, તેમનું શિક્ષણ વધારવા માટે અને તેમના જીવન ટકાવવાની તકો વધારવા માટે સહાય કરી છે.

જે બાળકોના માતા-પિતા સાધનો અને જરૂરી પરીક્ષા ફી પૂરી પાડવામાં અસમર્થ છે, તેવા બાળકોને સામાન્યરીતે ૭ અથવા ૮ વર્ષની વયે શાળા છોડી દેવા મજબુર થવું પડે છે. તેવા બાળકો નાની વયે શ્રમ બજારનો ભાગ બને છે અને તેમનું ભવિષ્ય અંધકારમાં ધકેલાય જાય છે.

ગરીબ લોકોના જીવનમાં વાસ્તવિક હકારાત્મક ફેરફાર લાવવા માટે અને કૌટુંમ્બીક સહાય કરવા માટે ભારત અદભુત તકો આપે છે. આ કાર્યક્રમ બાળકોને ભણતરમાં મદદરૂપ થવા ઉપરાંત, બાળકો/કુટુંબ સાથે સંબંધ વિકસાવવામાં અને તેમને કરેલી આર્થિક સહાયથી થતા લાભો જોવાની સગવડતા આપે છે. આ જોડાણ પ્રાયોજકોને માત્ર પ્રોત્સાહન આપવા કરતા આધારભૂત વિશ્વાસ આપે છે જે ઘણી વખત પ્રાયોજકોને પુરતો સંતોષ આપી જ્ઞાન વિભોર કરી મુકે છે.



## સાધન સામગ્રી

આ ફાઉંડેશન ફરી એક વાર તમારો આભાર માને છે કે તમે દર વર્ષે આર્થિક સહાય આપીને બાળકોને સાધન સામગ્રી દાન કરો છો. તે સાધન સામગ્રીમાં ચંપલ, સ્કૂલ બેગ અને પુસ્તકોનો સમાવેશ થાય છે. આ પ્રાયોજિત રકમમાં પરીક્ષા ફીનો પણ સમાવેશ કરવામાં આવે છે. આ સાધન સામગ્રીની વહેચણી જુન ૨૦૧૧માં નવું શૈક્ષણિક વર્ષ શરુ થાય તે પહેલા કરવામાં આવી હતી. આ નિર્ણાયક સહાય પૂરી પાડીને, પ્રાયોજકો તેની ખાતરી કરે છે કે બાળકો તેમનું પ્રમાણભૂત શિક્ષણ મેળવી શકે છે અને નાણાકીય અભાવના કારણે તેમને ભણતર અધ્ધવચ્ચે છોડવું ના પડે. જેટલા લાંબા સમય સુધી આ બાળકો શિક્ષણ મેળવશે તો ભવિષ્યમાં સફળ થવાની તેટલી વધારે ઉજ્જવળ તકો તેમને મળશે.



# નેત્ર ચીકીત્શા યજ્ઞ

આ ફાઉંડેશને સફળતાપૂર્વક ગુજરાત રાજ્યમાં તેની પ્રથમ યોજના પહોચાડી છે. આ એક નોંધપાત્ર સીમાચિન્હ છે કારણકે ગુજરાતએ કમળાબહેન મિસ્ત્રીનું જન્મસ્થળ છે . આ કરવા માટે અમે ગુજરાત રાજ્યના નવસારી ગામની રોટરી આંખ હોસ્પિટલ સાથે ભાગીદારી કરી હતી અને કેટલાક પછાત ગ્રામીણ સમુદાયો માટે આંખની ચીકીત્શા કરવા અર્થે નેત્ર યજ્ઞ યોજ્યો હતો . અમે મુખ્યતવે વિધવાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું કારણકે ઘણી વખત તેઓ ઉપલબ્ધ સારવારથી અજાણ હોય છે અથવા ગરીબી અને વાહન વ્યવસ્થાના અભાવને કારણે હોસ્પિટલ સુધી પહોચવામાં અસમર્થ હોય છે . છૂટાછવાયા અંતરે ફેલાયેલી ગરીબ વસ્તી સુધી પહોચવા માટે નેત્ર ચીકીત્શા યજ્ઞએ સૌથી અસરકારક માર્ગ છે . ૨૦૦થી પણ વધારે લોકોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને તેમના સારવારનો સંપૂર્ણ ખર્ચો કમલા ફાઉંડેશને આપ્યો હતો .



નોંધપાત્ર સંખ્યામાં લોકોને ચશ્માં આપવામાં આવ્યા હતા અને તેમની આંખોની સાર-સંભાળ લેવામાં આવી હતી . ૪૦ જેટલી વિધવાઓને વધુ ચોક્કસ પરામર્શ કરીને મોતિયાના ઓપરેશન માટે સલાહ આપવામાં આવી હતી . આંખની મહત્વતા અને સંભાળ વિષે જાગરૂકતા પેદા કરવામાં તથા આંખના રોગોના વિષે અજ્ઞાનતાના કારણે આંખમાં થતા તીવ્ર રોગ અને અંધાપા વિષે સમજ પાડવામાં આ નેત્ર યજ્ઞએ નિર્ણાયક ભૂમિકા ભજવી હતી.











# સ્વયંસેવકના અનુભવો

## એમીના અનુભવો



હું વ્યવસાયિક વકીલ તરીકે લંડનમાં કામ કરું છુ, અને જયારે હું મારા ટેબલ પર બેસીને દસ્તાવેજીકરણના મુશ્કેલ કામો કરતી હોઉં છુ ત્યારે નિયમિતપણે હું મારી જાતને પુછુ છુ કે : શું મારી જીંદગી આ માટે છે? આ સવાલનો જવાબ મને ભારત લઇ ગયો કે જ્યાં મેં કમલા ફાઉંડેશન સાથે મળીને તમિલનાડુના ગ્રામીણ વિસ્તારોમાં સ્વૈચ્છિકરીતે મદદ કરી.

શરૂઆતથી જ હું મહિલા અધિકારના કામ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગતી હતી. હું આતુર હતી કે હું મારી કુશળતાનો ઉપયોગ ભારતના ગ્રામીણ ભાગોમાં મદદ કરવામાં લગાવું કે જ્યાં સમગ્ર દેશમાં આધુનિકતા હોવા છતાં, એક મહિલાની ભૂમિકા સંસ્કૃતિ, પરંપરા અને વિશાળ સમાજ દ્વારા મર્યાદામાં બંધાયેલી છે

મેં તેમને સહાયતા કરવાની શરૂઆત કાર્પાગમ સાથે મળીને મહિલા સ્વયં સહાય સમૂહ (SHG)ની બેઠકોમાં હાજરી આપીને કરી. કાર્પાગમ એક મજબુત, સુંદર અને ઉત્સાહી તમિલ મહિલા છે જે મારી ઉમરની છે અને ફોર્ડ ટ્રસ્ટ માટે કામ કરે છે. હું કાર્પાગમ માટે પ્રસંશાના કોઈ શબ્દો કહી શકુ તેમ નથી. ફોર્ડ ટ્રસ્ટ દ્વારા ચાલવામાં આવતા મહિલાઓના તમામ SHGs નું આયોજન તેમજ સંચાલન તે કરે છે. હાલમાં ૧૮ની આસપાસ મહિલા SHGs છે, પરંતુ મેં જોયું કે હજુ વધારેની માંગ છે.

SHGs મહિલાઓને નિયમિત બચત કરતા શીખવે છે કે જે ભવિષ્યમાં તેમને જરૂરતના સમયે લૉન લેવા વખતે મદદ કરી શકે છે. મોટેભાગે આ બચતની જરૂરત બાળકો અને પરિવારના સભ્યો માટે પડે છે જેમકે - બાળકને શિક્ષણ આપવા માટે અથવા ઘરડાઓના માટે દવા લાવવા માટે. મોટાભાગની મહિલાઓને બેંકમાં ખાતું ખોલવાની જાણકારી પણ હોતી નથી. પ્રમાણમાં નાની ઉમરથી જ તેઓને ઘણી વાર શાળાથી દુર રાખીને ખેતરમાં કામ માટે મોકલી દેવાય છે અને તે મોટાભાગે ડાંગરની ખેતીમાં કામ કરીને પૈસા કમાય છે.

અમે SHGની પ્રથમ બેઠક ગામમાંથી નીકળતા માર્ગ પર બેસીને કરી હતી . વાસ્તવમાએ કોઈ કાદવયુક્ત માર્ગ હતો અને ત્યાંથી ચોક્કસપણે કોઈ ગાડી પસાર નહિ થતી હોય, પ્રસંગોપાત બકરી ત્યાંથી નીકળતી હશે. તેમ છતાં બધી મહિલાઓ સંપૂર્ણપણે રંગીન સાડીઓમાં સજ્જ થઇને આવી હતી.

કાર્પાગમ અને ફોર્ડ ટ્રસ્ટના બીજા સહયોગી મિત્રો સાથે મળીને અમે મહિલાઓ માટે સત્રોના આયોજન કર્યા કે જેમાં તેમને પુરુષો અને મહિલાઓના સમાન અધિકારો વિષે જાણકારી આપી. એથી સ્પષ્ટ થયું કે ઘણી મહિલાઓને સમાનતા વિષે સારી સમજણ હતી અને વ્યવહારમાં તેનો અર્થ શું થાય તેના વિષે જાણ હતી. તેઓ મજબુત , ખુબ મેહ્નતવાળા કામ કરવાવાળી સામાન્ય મહિલાઓ હતી કે જેઓમાં પુષ્કળ સમજણ હતી. આમ છતાં ગરીબી અને સમાજની માંગ અને મર્યાદાના કારણે તેઓ જીંદગીનો આનંદ નથી માણી સકતા કે જે માણવાનો તેમને પૂરો અધિકાર છે. આ મૂળભૂત અધિકારો છે જે અહિયાં UKમાં મોટા ભાગની મહિલાઓ ભોગવે છે જેમકે , પુરતું શિક્ષણ મેળવવું અને ઘર અને સમુદાયમાં પોતાનો આવાજ ઉઠાવવો .

મારી કિશોર વયે મેં મારી યુવાની અને મારી સ્વતંત્રતાને મહત્વ નહોતું આપ્યું તેનાથી વિપરીત, હું જે કોઈ મહિલાને મળી તેમના લગ્ન થઈ ગયા હતા અને તેઓ પશ્ચિમી દેશોના પ્રમાણે પુખ્ત વયના બને તે પેહલા તો તેઓ બાળકોની માતા બની જાઇ છે. પછી તેમનું એક માત્ર ધ્યાન તેમના પરિવારનું અસ્તિત્વ ટકાવી રાખવામાં જાય છે જેના માટે તેઓ તીવ્ર ગરમીમાં ખુબ કલાકો સુધી ખેતરોમાં કામ કરે છે અથવા ચણતર સ્થાન પર જઈને દિવસદીઠ ૧૦૦ રૂપિયામાં ( લગભગ £ ૧.૫૦) કામ કરે છે.



ભારતમાં મહિલાઓને મદદ કરવા માટે ઘણા કાયદા તથા સરકારી યોજનાઓ છે પરંતુ વાસ્તવિકતામાં તે યોજનાઓ જરૂરિયાતમંદ લોકો સુધી પહોચવામાં નિષ્ફળ જાય છે. આ કારણે કમલા ફાઉંડેશન દ્વારા હાથ ધરવામાં આવતા કાર્યો મહત્વપૂર્ણ છે.

જેમ જેમ મેં તમિલનાડુમાં મારું રોજિંદુ જીવન વિતાવ્યું તેમ તેમ મને કમલા ફાઉંડેશનની હકારાત્મક અસરોનો પુરાવો જોવા મળ્યો જેમકે – તે મહિલા જે ફાઉંડેશન તરફથી મળેલા આધાર ભંડોળમાંથી લારી પર અનાનસ વેંચે છે , તો બીજી તરફ યુવાન છોકરાઓ જે ફાઉંડેશન દ્વારા મળેલા દફતરમાં પુસ્તકો સાથે ઘર તરફ જાય છે. મને ગર્વ થાય છે કે હું કમલા ફાઉંડેશન સાથે સંકળાયેલી છું. એ જ સમયે, તે સ્પષ્ઠ છે કે ત્યાં હજુ ઘણું બધું વધારે કરવાની જરૂર છે.

## અનીષાના અનુભવો



મેં છેલ્લા વર્ષના સમાચારપત્રોમાં ફાઉંડેશન સાથે મરિયાના અનુભવો વાંચ્યા હતા. મને તે જાણીને આનંદ થયો કે તેનો ફાઉંડેશન સાથેનો અનુભવ બહુ સારો હતો અને જેમના માટે કામ કરતા હતા તેના માટે પરિપૂર્ણ હતો. હું જાતે પણ તે અનુભવ મેળવવા માંગતી હતી કે કેવી રીતે હું જરૂરિયાતમંદ લોકોને મદદ કરી શકુ છુ.

મેં મારા પ્રથમ સપ્તાહમાં ભુપેન્દ્ર સાથે મળીને ફાઉંડેશન દ્વારા ચલાવામાં આવતી તમામ યોજનાઓની મુલાકાત લીધી. તે મુલાકાત મારા માટે આંખો ખોલનાર હતી, તે મુલાકાતે મને ફાઉંડેશનના ભંડોળ થકી તમિલનાડુમાં ચલાવામાં આવતા કામોની સારી સમજણ આપી. સમાચારપત્રો કે વેબસાઈટ ઉપર યોજનાઓ વિષે વાંચવું અને વાસ્તવમાં જાતે જઈને યોજનાની અસર તે કમનસીબ લોકોના જીવન પર જોવી તે એકદમ અલગ વાત છે.

મેં સૌથી પહેલા જોયું કે એક નવસ્થાપિત હેન્ડ પંપમાંથી ૧૦૦૦ લોકોને પીવાનું પાણી મળી રહ્યું છે, અને એ ગ્રામ્વાસીયોના ચેહરાઓ અને તેના પર આવેલી આભારની લાગણીએ મારા મન પર ક્યારેય ના ભુલાયે તેવી છાપ છોડી છે. ત્યારબાદ હું રીટાને મળી, જે એક યુવાન માતા છે, તેને ફાઉંડેશન દ્વારા ફળ વેચવાની લારી આપવામાં આવી હતી જેથી તે તાઝા ફળ વેચીને તેનું ગુજરાન ચલાવી શકે અને પેહલાનું અઘરૂં બાંધકામનું કામ છોડી શકે. આ યોજનાએ તેના જીવન પર જે અસર પાડી છે તે અકલ્પનીય છે, તે હવે તેના પરિવાર માટે નિયમિત આવક લાવે છે અને તેના બાળકોને શિક્ષણ પણ પૂરૂં પાડે છે. ફાઉંડેશન દ્વારા ચલાવામાં આવતી દરેક યોજનાઓ ગરીબ લોકો માટે જરૂરી સોપાન છે જે તેમને વર્ષોથી ચાલ્યા આવતા "ગરીબી ચક્રથી" છુટકારો આપશે.

મારૂં ફાઉંડેશન સાથેનું કામ દયનીય સ્થિતિમાં રહેતા બાળકોને શિક્ષણ આપવા માટેનું હતું. મેં ત્રણ અલગ અલગ શાળાઓમાં તથા સરકાર દ્વારા ચલાવામાં આવતા છોકરાંઓના ઘરમાં કામ કર્યું. મેં જાણ્યું કે અત્યારની મુશ્કેલ પરિસ્થિતિમાં બાળકો માટે શિક્ષણ કેટલું મહત્વપૂર્ણ છે. ઘણા ગરીબ પરિવારોને તેમના બાળકોને શાળાએ મોકલવું પોષાતું નથી કારણકે ઘણી વખત્તે તેમના પરિવારને ખોરાક પૂરો પાડવા માટે કમાણી કરવા જતા હોય છે. આ કારણોસર બાળક પ્રાયોજક કાર્યક્રમની કલ્પના કરવામાં આવી હતી. મેં તે બાળકોને મળીને શિક્ષણ આપ્યું જે આ યોજના માટે પસંદગી પામ્યા હતા અને મેં જોયું કે તે ખરેખર હતાશાની અણી ઉપર હતા, અને તેમને પ્રોત્સાહન આપવા માટે, શાળાએ મોકલવા સિવાય બીજો કોઈ ઉપાય મને સુજ્યો નહિ.

હું કમલા ફાઉંડેશનની આભારી છું કે તેમણે મને આ તક આપી અને ફોર્ડ ટ્રસ્ટની પણ આભારી છું કે તેમણે મારી આગતાસ્વાગતા કરી. હું અચંબિત છું કે કેવી રીતે તે થાક્યા વગર ફાઉંડેશનના કામોને આગળ ધપાવે રાખે છે. અત્યાર સુધીના મારા જીવનનો આ સૌથી મોટો પડકાર હતો, પરંતુ હું એક વસ્તુ પણ બદલી નથી શકી.






# ભંડોળ ઉભું કરવાના લક્ષણો

## ટ્રાયથલોન પડકાર

હર્ષા મિસ્ત્રીએ કમલા ફાઉંડેશન માટે ભંડોળ એકત્ર કરવા અર્થે બ્લેન્હેઇમ ટ્રીથલોનમાં ભાગ લીધો હતો. તેના અનુભવ વિષે અહીં વાંચો..



ચાલીશ વર્ષની ઉમરે પહોચતા હું મારી જાતને એક પડકાર ઉભો કરવા માંગતી હતી સાથે સાથે એક પ્રેરણાદાયક તથા મુલ્યવાન કાર્યને મદદ કરવા ઈચ્છતી હતી. મને ટ્રીથલોનમાં ભાગ લેવાની ઈચ્છા થઈ કારણકે તેમાં ત્રણ રમતો આવરી લેવામાં આવે છે અને તે ત્રણે રમતોનો મને અનુભવ છે. આ સ્પર્ધામાં ૭૫૦મિ. તળાવમાં તરવાનું પછી ૨૦કિમી. સાયકલ ચલાવવાની અને અંતે પાંચ કિમી. સુધી દોડવાનો સમાવેશ થાય છે. હું દરેક સ્પર્ધામાં અલગ અલગ રીતે ભાગ લેવા સક્ષમ છું પણ એક પછી એક બધી સ્પર્ધામાં ભાગ લેવો અને ખુલ્લા પાણીમાં તરવું, એક પડકાર સમાન હતું.

મારા માટે સેલફોર્ડ ક્વેઝમાં ખુલ્લા પાણીમાં તરવાનો અનુભવ પ્રથમ હતો. તે દિવસે ૧૪ ડિગ્રી ઠંડી હતી અને દૃશ્યતા શૂન્ય હતી અને ભીના પોશાક એકદમ તંગ હતા અને મને સરળતાથી તરવામાં પ્રતિબંધિત કરતા હતા. બીજી બાજુએ તે મને ગરમ રાખતા હતા જેથી મારી ડૂબી જવાની શક્યતા બહુ ઓછી થઇ જાઇ છે. જયારે દોડવું અને સાયકલ ચલાવવી મારા માટે વધુ પરિચિત પ્રદેશ હતા.

શનિવાર ૪થી જુન સુધીના દિવસો બહુ ઝડપથી પસાર થઇ ગયા અને હું થોડીક ગભરાયેલી હોવા છતાં આયોજનબદ્ધ હતી. બ્લેન્હેઇમ મહેલ એક પ્રચલિત જોવાલાયક સ્થળ છે –ત્યાં આશરે ૪૦૦૦ લોકોએ સપ્તાહભરમાં વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

તરવાની સ્પર્ધામાં મેં નવશીખ્યાની જેમ ધીમી શરૂઆત કરી અને ૨૩ મિનીટ પછી તરવાનું પૂરું કર્યું. મને મારા પરિવાર તરફથી મળેલ ઉત્સાહ અને પ્રોત્સાહન જોઈને આનંદ મળ્યો હતો.

સાયકલિંગ ત્રણ તબ્બકામાં હતી અને તે મને ઘણી આકરી લાગી કારણકે સાયકલિંગ ટેકરીઓ ઉપર કરવાનું હતું અને તેમાં ૨૪શે ગીયર્સનો ઉપયોગ કરવો પડ્યો હતો. અન્ય સવારો મને પાછળ મુકીને ઝડપથી આગળ વધી રહ્યા હતા. મેં ઘણી અથડામણો પણ જોઈ પણ હું મારી સાયકલ પર સવાર રહી અને મેં ૫૯ મીનીટમાં સ્પર્ધા પૂરી કરી હતી.

જયારે દોડવાનો સમય આવ્યો ત્યારે મને મિત્રો અને પરિવાર દ્વારા કેહવામાં આવેલા પ્રોત્સાહન સંદેશાઓ યાદ આવ્યા અને તેણે ઘણી મદદ કરી. દોડવાનો માર્ગ ૨ તબ્બકામાં હતો અને તે તળાવ ફરતો હતો જેના કારણે સુંદર દૃશ્યાવલી જોવા મળતી હતી સાથે પાણી અને શૌચાલયની પણ સગવડ કરાઈ હતી. મેં દોડ પૂરી કરવામાં ૩૨ મિનીટનો સમય લીધો. ત્રણે રમતો ભેગી કરીને મેં ૨:૦૭ કલાક લીધા હતા.

## સહાયક બનો



નિયમિત દાન કરવાની શપથ લઈ – દાન નાના અથવા મોટા, જયારે ઈચ્છા થાય ત્યારે - તમે અમારા સહાયક બનો અને ભારતના ગરીબ લોકોને મદદ કરવામાં અમારા સહયોગી બનો.

નિયમિત દાન અમને ભવિષ્યની યોજના ઘડવા માટે પરવાનગી આપે છે અને નવા વિકાસલક્ષી કાર્ય કરવાની સુરક્ષા આપે છે સાથે સાથે અમારી સેવાઓને સક્રિય રીતે દુર પહોચવામાં અસરકારક રહે છે.

જો તમને અમારા સહયોગી બનવામાં રસ હોય તો, તમે આમ નીચેના માર્ગે કરી શકો છો.

- ઓનલાઇન
- ચેક દ્વારા
- સ્ટેનડીંગ ઓર્ડર

જો તમે નિયમિત માસિક દાન કરવા માંગતા હોય તો, કૃપા કરીને નીચે આપેલી વિગતો દ્વારા અમારો સંપર્ક સાધો અને અમે ખુશીથી તમને સંબંધિત બેંક એકાઉંટની વિગતો આપશું. ભુપેન્દ્ર મિસ્ત્રી

8 The Fairway, Offerton, Stockport SK2 5DR

ટેલીફોન - ૦૧૬૧ ૨૯૨ ૬૬૩૩ મોબાઈલ - ૦૭૯૬૭ ૭૫૩૯૯૨

Email: info@kamlafoundation.org Web: www.kamlafoundation.org